©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVII] MONDAY, 21st SEPTEMBER, 2026/BHADRA 30, 1948 [No. 39**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-I EXTRAORDINARY**

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) અન્વયેનું જાહેરનામુ

### હુકમ

નં. જે/એમએજી/ગુ. પો. અ.-૩૩(૧)/ફા. નં. ૧૨/૨૦૧૯.-પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટના તા. ૨૫-૦૮-૨૦૨૬ના પત્ર નં. SPRJKR/0283/08/2026 થી રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં બહારનાં જિલ્લા, રાજ્યો અને વિદેશમાંથી મોટા પ્રમાણમાં મુસાફરો આવે ત્યારે સ્થાનિક હોટલ/ધર્મશાળા/સમાજવાડી/મુસાફર ખાના/કલબહાઉસ/ગેસ્ટહાઉસ/રીસોર્ટ/ધર્મસ્થળો/ધાબા તથા અન્ય સ્થળોએ ભાડેથી રૂમ રાખી રહેતા હોય છે. આ મુસાફરોની સાથે દેશવિરોધી અને અસામાજિક તત્વો પણ જિલ્લામાં આવી જાય અને દેશ વિરોધી ભાગફોડીયા પ્રવૃતિઓ કરે તેવી પુરતી શકયતાઓ રહેલી છે, જેથી રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં ભાડેથી આવા તમામ સ્થળે રહેતા મુસાફરો ઉપર વોચ રાખવી અને તેની ચકાસણી કરવી ખુબ જ જરૂરી છે. આ પ્રકારે વોચ માટે ટેકનોલોજીનાં ઉપયોગથી હોટલ માલિકો અને પોલીસને સુવીધા રહે અને દૈનિક ધોરણે પોલીસને માહિતી ઓન-લાઈન મળી રહે તે હેતુ એપ્લીકેશન PATHIK (PROGRAMME FOR ANALYSIS OF TRAVELLER AND HOTEL INFORMATICS) ગુજરાત પોલીસ દ્વારા બહાર પાડવામાં આવેલ છે. આ PATHIK એપમાં દૈનિક ધોરણે દરેક હોટલ/ધર્મશાળા/સમાજવાડી/મુસાફરખાના/કલબહાઉસ/ગેસ્ટહાઉસ/રીસોર્ટ/ધર્મસ્થળો/ધાબા તથા અન્ય સ્થળોએ તમામ એન્ટ્રીઓ પથીક એપ્લીકેશનમાં ઓન-લાઈન ફરજિયાત કરવા માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

જેથી આ 'PATHIK' માં દૈનિક ધોરણે દરેક હોટલ/ધર્મશાળા/સમાજવાડી/મુસાફરખાના/કલબહાઉસ/ગેસ્ટહાઉસ/રીસોર્ટ/ધર્મસ્થળો/ધાબા તથા અન્ય સ્થળોનાં સંચાલક/માલિક/ભાગીદાર/જવાબદારોએ એન્ટ્રી કરવા માટે હું, **જે. એચ. બારોટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** ગુજરાત પોલીસ અધિનિયમ૧૯૫૧ની કલમ-૩૩(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૦૧-૦૯-૨૦૨૬ થી ૩૧-૧૦-૨૦૨૬ સુધી આથી હુકમ કરૂ છું કે, હોટલ/ધર્મશાળા/સમાજવાડી/મુસાફરખાના/કલબહાઉસ/ગેસ્ટહાઉસ/રીસોર્ટ/ધર્મસ્થળો/ધાબા તથા અન્ય સ્થળોનાં માલિકે ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રી કરવા માટે પોતાના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવાનું રહેશે અને તેમાં ગુજરાત પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ 'PATHIK' (PROGRAMME FOR ANALYSIS OF TRAVELLER AND HOTEL INFORMATICS) ઈનસ્ટોલ કરવાની રહેશે તેમજ તેના મેન્યુઅલ રજીસ્ટરમાં થતી તમામ એન્ટ્રી આ 'PATHIK' એપમાં ફરજીયાતપણે ઓનલાઈન કરવાની રહેશે.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી, ઓગષ્ટ-૨૦૨૬નાં રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો મારી બહાર પાડેલ છે.

રાજકોટ, ૨૯ માહે ઓગષ્ટ, સને ૨૦૨૬.

---

## ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

## જાહેરનામુ

નં. જે/એમએજી/ટુ વ્હી./જા.નામુ/ફા.નં.૨૯/૨૦૨૩.-ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતના અહેવાલો તથા ભુતકાળમાં આતંકવાદીઓ દ્વારા અમદાવાદ, મોડાસા, બેંગ્લોર અને દિલ્હીમાં શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાની તથા માલ મિલ્કતોને નુકશાન કરવામાં આવેલ તથા ભુતકાળમાં સુરત શહેરમાં બોમ્બ તથા બોમ્બ બનાવવાની સામગ્રી મળી આવેલ. જે જોતાં આતંકવાદીઓ/ત્રાસવાદી તત્વોએ મલીન ઈરાદાને અંજામ આપવા સાયકલો તથા ટુ-વ્હીલર વાહનોમાં બોમ્બ રાખી, બ્લાસ્ટ કરી કૃત્યોને અંજામ આપેલ છે. તેથી સાયકલો, સ્કુટરો, મોટરસાયકલો તથા ફોર-વ્હીલર મોટરકાર ખરીદનારની માહિતી રાખેલ હોય તો આવા ત્રાસવાદી કૃત્ય કરનાર ગુનેગારો સુધી પહોંચી શકાય. તેથી સાયકલ/વાહનો વહેંચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા અને સુલેહ શાંતી તેમજ દેશની સુરક્ષાના પરીપ્રેક્ષ્યમાં થોડા સુચનો અમલમાં મુકવા પોલીસ અધિક્ષકશ્રીના પત્રથી અત્રેને દરખાસ્ત કરવામાં આવેલ છે. જે સુચનો અમલમાં મુકવા જરૂરી જણાય છે.

જેથી હું, **જે. એચ. બારોટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વેચનારા તથા તે અંગેની દુકાનો/શોરૂમ ધરાવતા માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે આવા સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા બીજા ટુ-વ્હીલર વાહનો વેચવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સુચનાઓનું અવશ્ય પાલન કરવાનું રહેશે.

(૧) સાયકલ, સ્કુટર મોટર સાયકલ અને અન્ય ટુ-વ્હીલરો તથા ફોરવ્હીલર મોટરકાર વાહનો ખરીદનારાઓને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

(૨) ખરીદનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશન કાર્ડ કે નોકરી કરતા હોય ત્યાંનું ઓળખપત્ર, શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનીક અગ્રણીઓ જેવા કે, મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી, કોઈપણ ખાતા તરફથી મેળવેલ ઓળખ પત્રક/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ-વ્હીલર વાહન વેચાણકર્તાએ ગ્રાહક પાસેથી મેળવવાનો રહેશે.

(૩) બીલમાં ખરીદનારનું પુરૂ નામ, સરનામું, સંપર્ક માટે ટેલીફોન નંબર/મોબાઈલ નંબર લખવો.

(૪) વેંચાણ બીલમાં સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ-વ્હીલર તેમજ ફોરવ્હીલર વાહનનો ફ્રેમ નંબર, ચેસીસ નંબર, એન્જીન નંબર અવશ્ય લખવો.

(૫) ઉકત મુજબના વાહન વેચાણકર્તાએ કોઈપણ પોલીસ અધિકારી તરફથી માગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહિતિ/રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

(૬) ખરીદ-વેચાણ રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૭) આર.ટી.ઓ.માં રજીસ્ટર્ડ વેચાણ સીવાય અન્ય રીતે કરેલ વેચાણ કરાર દા.ત. નોટરી, સોગંદનામું, સ્ટેમ્પ વેચાણ માન્ય રહેશે નહી.

(૮) દરેક એજન્ટે ઈન્કવાયરી રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૯) ઓરીજીનલ કાગળો ચકાસ્યા વિના કોઈપણ એજન્ટ ખરીદ-વેચાણ કરી કરાવી શકશે નહીં.

**અમલવારીનો સમય :**

આ હુકમ તા. ૦૧-૦૯-૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૧૦-૨૦૨૬ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

**સજા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું એવો આદેશ કરૂં છું કે, આ હુકમ રાજકોટ રૂરલ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૨૯, માહે ઓગષ્ટ-૨૦૨૬ ના રોજ મારી સહી-સિક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૨૯ માહે ઓગષ્ટ, સને ૨૦૨૬.

## ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

## જાહેરનામુ

નં. જે/એમએજી/મોબાઈલ/જા.નામું/ફા.નં. ૨૮/૨૦૨૩.-પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટએ હાલના પ્રવર્તમાન આતંકવાદના સંજોગો અને ભુતકાળમાં ગુજરાત રાજ્યમાં અમદાવાદ, સુરત તથા મોડાસા વગેરે જગ્યાઓએ થયેલ બોમ્બ બ્લાસ્ટ જેવા આતંકવાદી કૃત્યોને અટકાવવા માટે તેમજ ગુપ્તચર સંસ્થાઓએ વાઈટલ ઈન્સ્ટોલેશન અને અગત્યના ધાર્મિક સ્થળો, મંદિરો પરના હુમલાના ભયની શકયતા દર્શાવેલ છે. રાજકોટ જિલ્લામાં ગોંડલમાં આવેલ અક્ષર મંદિર, વિરપુરમાં આવેલ જલારામ મંદિર જેવા પ્રસિધ્ધ મંદિરો તથા અન્ય વાઈટલ ઈન્સ્ટોલેશન સ્થળો આવેલ છે. આવા સંજોગોમાં રાજકોટ જિલ્લામાં કોઈ આતંકવાદી કૃત્ય ન બને તેમજ આવા કૃત્યો કરવાનો ઈરાદો ધરાવતા ઈસમોને અટકાવવા સારૂ તેમજ જાહેર કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર આવી ગુન્હાહિત પ્રવૃત્તિ અટકાવવી આવશ્યક છે. આવા બનાવોની તપાસ દરમ્યાન એવું ફલીત થાય છે કે, આવા આતંકવાદી પ્રવૃત્તિ આચરતા ઈસમો આવા ગુન્હાઓ આચરવા માટે જુના મોબાઈલની ખરીદી કરતા હોવાનું અને આવા કૃત્યોને અંજામ આપી આવા મોબાઈલ ફોન બંધ કરી દે અથવા તો વેચી દેતા હોય છે. તેમજ હાલનો યુવા વર્ગ જુના મોબાઈલ લે-વેંચના ધંધામાં રચ્યાપચ્યા રહેતા હોય આવી ગુન્હાહિત પ્રવૃત્તિમાં અજાણપણે સંડોવાઈ જતા હોય છે. તેમજ ગુન્હેગાર ઈસમો પણ ઘરફોડ ચોરીઓ, લુંટ, ધાડ, ચિલઝડપ વગેરે જેવા ગુન્હાઓમાં પણ મોબાઈલ ફોન ચોરી કે લુંટમાં મેળવી બજારમાં વેંચી દેતા હોવાનું ભૂતકાળમાં બનેલ બનાવો પરથી જણાય આવે છે. તે માટે જુના મોબાઈલ ફોનની લે-વેંચ કરતા દુકાનદારો પર નિયંત્રણ મૂકવા સારૂ જરૂરી શરતોવાળું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

ઘણી વખત મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ ખરીદનાર/વહેંચનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી અને મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોંચે ત્યારે એવું જાણવા મળે છે કે, મોબાઈલ કોઈ અજાણી વ્યક્તિએ તેમને આપેલ છે અને તેને હું ઓળખતો નથી તેમ જાણવા મળે છે. જેથી તપાસમાં કોઈ ફળદાયી હકિકત મળતી નથી. આવી તમામ પરિસ્થિતિને અનુલક્ષીને આવા ઈસમો તેમના મનસુબામાં કામીયાબ ન બને તેમજ કોઈ વ્યક્તિઓ મોબાઈલ/સીમકાર્ડ હેન્ડ સેટ વગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેંચનારની જવાબદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીઓને શોધી કાઢવા માટે જુના મોબાઈલના વપરાશકારે તે મોબાઈલ કોની પાસેથી ખરીદેલ છે અથવા તો જુનો મોબાઈલ કોને વહેંચેલ છે ? તે જણાવું જરૂરી જણાય છે. તે માટે જુના મોબાઈલ ફોનની લે-વેંચ કરતા દુકાનદારો પર નિયંત્રણ મૂકવા સારૂ જરૂરી શરતોવાળું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે. તેમજ સદરહું બાબતે અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, કાયદો અને વ્યવસ્થા, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા. ૦૬-૦૧-૨૦૧૧ ના પત્ર નં. જી-૧/ક્રાઈમ/ટિ-૧/૫૨ચ-૬૮/૧૦/૭૨/૨૦૧૧ થી પણ આ પ્રકારનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સુચના થયેલ છે.

સબબ, ઉપરોક્ત વિગતો અને ગુજરાતમાં આતંકવાદી હુમલાની સંભાવના અને ગુપ્તચર સંસ્થાઓ તરફથી અવાર-નવાર મળતી માહિતી અનુસંધાને તેમજ હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં આતંકવાદી બનાવો બનતા અટકાવવા જાહેર સલામતી તેમજ કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર આવી બનતી ગુન્હાહિત પ્રવૃત્તિઓ અટકાવવી અતિ આવશ્યક હોય તે માટે નીચે મુજબનો હુકમ બહાર પાડવો અમોને ઈષ્ટ જણાય છે.

જેથી હું **જે. એચ. બારોટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ રાજકોટ પોલીસ કમીશનરેટ વિસ્તાર સિવાયના સમગ્ર રાજકોટ જિલ્લા/ગ્રામ્ય વિસ્તાર માટે નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

(૧) રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં કોઈપણ દુકાનદાર ઈસમ જુના મોબાઈલ ફોનની ગ્રાહક પાસેથી આપ-લે (ખરીદ-વેચાણ) કરે તો જે-તે ગ્રાહકનું પુરેપુરૂં નામ, સરનામું તથા ફોટો આઈ.ડી. પ્રુફ ફરજીયાત મેળવવાનું રહેશે.

(૨) રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં જુના મોબાઈલ ફોનની આપ-લે (ખરીદ-વેચાણ) કરતા દુકાનદારે આ અંગેની જરૂરી માહિતી અંગેના નીચે મુજબના કોલમ મુજબના અલગ-અલગ રજીસ્ટર નીભાવવાના રહેશે અને આ રજીસ્ટરો તપાસનીશ એજન્સી માંગે ત્યારે રજુ કરવાના રહેશે.

(૩) રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં નવા સીમ કાર્ડનું વેચાણ કરતી વેળા નીચે મુજબના કોલમનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તેમજ સીમ કાર્ડ ખરીદનારના આઈ.ડી. પ્રુફની નકલ મેળવવાની રહેશે.

❖ **જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર**

| ક્રમ | મોબાઈલની વિગત/કંપની | IMEI NO. | મોબાઈલ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત | ID પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |

❖ જુના મોબાઇલ વેંચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

| ક્રમ | મોબાઈલની વિગત/કંપની | IMEI NO. | મોબાઇલ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત | ID પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |
| | | | | |
| | | | | |

❖ નવું સીમ કાર્ડ વેંચાણ કરતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

| ક્રમ | સીમકાર્ડની વિગત કંપનીનું નામ | સીમ કાર્ડ નંબર | સીમકાર્ડ ખરીદનારનું નામ, સરનામું | સીમકાર્ડ ખરીદનારના આઇ.ડી. પ્રુફની વિગત | સીમકાર્ડ ખરીદનારની સહી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

(૩) ઉપરોક્ત કોલમવાઈઝ રજીસ્ટરો દુકાનદારે ત્રણ વર્ષ સુધી જાળવવાનું રહેશે.

આ હુકમ તા. ૦૧-૦૯-૨૦૨૬ થી તા. ૩૧-૧૦-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

**શિક્ષા :**

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું એવો આદેશ કરૂં છું કે, આ હુકમ રાજકોટ રૂરલ જિલ્લામાં નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૨૯ માહે ઓગષ્ટ-૨૦૨૬ નાં રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૯ માહે ઓગષ્ટ, સને ૨૦૨૬.

---

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું**

## જાહેરનામું

નં. જે/એમએજી/ડ્રોન/જાહેરનામુ/ફા.નં.૩૧/૨૦૨૩.-રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં આવેલ વાઈટલ ઈનસ્ટોલેશન, વી.વી.આઈ.પી. રહેણાક તેમજ અગત્યની સરકારી કચેરીઓ તેમજ અન્ય પ્રતિબંધીત એરીયા વિગેરે જગ્યાની સુરક્ષા કરવાની જવાબદારી રાજકોટ ગ્રામ્ય પોલીસની છે. ભારત સરકારના ગૃહ મંત્રાલયના પત્ર ક્રમાંક VI-23014/209/IND2018-VS. Dt. 26-02-2020 માં જણાવ્યા મુજબ વાઈટલ એરીયા, સેન્સેટીવ એરીયાને ''નો ડ્રોન ઝોન'' એરીયા જાહેર કરવા માટે સુચનાઓ કરવામાં આવેલ છે. તેમજ આ બાબતે ભારત સરકાર તરફથી તા. ૧૦-૦૫-૨૦૧૯ ના રોજ એસ.ઓ.પી. બહાર પાડવામાં આવેલ છે. જે ધ્યાને લઈ ''UAV(Unmanned Aerial Vehicle)'' કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલીત કેમેરા લાગેડલા ડ્રોન અથવા એરીયલ મિસાઈલ, હેલીકોપ્ટર, રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ, એરક્રાફટ કે પેરાગ્લાઈડર જેવા સંસાધનોથી દેશ-વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈનો રાજકોટ ગ્રામ્ય વિસ્તારની સુરક્ષાને હાની પહોંચાડવાની શકયતા નકારી શકાય તેમ ન હોય તેમજ થોડા સમય પહેલા જમ્મુ-કાશ્મીરમાં ડ્રોન હુમલાના બનાવ બનેલ હોય આ પ્રકારના સંસાધનોથી રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં આતંક ફેલાવી સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાનમાલને નુકશાન કરે તેવી શકયતા રહેલી છે.

વાસ્તે હું, **જે. એચ. બારોટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** ઉપરોકત દર્શાવેલ કલમમાં મળેલ સત્તા હેઠળ રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં જાહેર સલામતિ અને સુરક્ષાને લક્ષમાં રાખી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર નીચે જણાવેલ રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં આવેલ અમુક સરકારી કચેરીઓ/સબ સ્ટેશનો, મંદીર, મસ્જીદ, બજાર, ડેમ/ડેમ સાઈટ, પુલ, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ પર ''UAV(Unmanned Aerial Vehicle)'' કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલીત કેમેરા લાગેડલા ડ્રોન અથવા એરીયલ મિસાઈલ, હેલીકોપ્ટર, રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ, એરક્રાફટ કે પેરાગ્લાઈડર જેવા સંસાધનોના ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવુ છું.

| Sr. No. | Name of Place | Full Postal Address | Recommended Zone (Red/Yellow) | Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov. 2018 |
|---|---|---|---|---|
| 1 | 400 K.V. Sub Station (GETCO) | Near Dhareshwar Rajkot National Highway Navagadh, Jetpur 360375 | Red | 2 KMs Area |
| 2 | Jalaram Temple | Near chamunda chowk Virpur village Ta-Jetpur, Dist-Rajkot 360380 | Red | 1 KMs Area |
| 3 | Kagvad Khodaldham Temple | Kagvad village Ta-Jetpur dist Rajkot Gujarat 360380 | Red | 2 KMs Area |
| 4 | Chhaparvadi Dam-2 | Near Jepur Village Ta-Jetpur Dist.-Rajkot Gujarat | Yellow | 1 KMs Area |
| 5 | 66 KV Sub Station (PGVCL) | Bhadla Ta-Jasadan Dist-Rajkot 360025 | Red | 2 KMs Area |
| 6 | 66 KV Sub Station (PGVCL) | Kamlapur Ta-Jasadan Dist-Rajkot 360025 | Red | 2 KMs Area |
| 7 | 66 KV Sub Station (PGVCL) | Barvala Ta-Jasadan Dist-Rajkot 360025 | Red | 2 KMs Area |
| 8 | 66 KV Sub Station (GETCO) | Bhandariya Ta-Jasadan Dist-Rajkot 360025 | Red | 2 KMs Area |
| 9 | Adhiya Dem | Adhiya Village Ta-Jasdan 360025 | Yellow | 2 KMs Area |
| 10 | Raningpar Dem | Raningpar Village Ta-Jasdan 360025 | Yellow | 2 KMs Area |
| 11 | Shri Geli Ambe Temple (Crowded Place in Festival) | Bhadla Village Ta-Jasdan Dist-Rajkot-360025 | Yellow | 1 KMs Area |
| 12 | Kananath Mahadev Temple | Kanesara Village Ta-Jasdan Dist-Rajkot-360025 | Yellow | 2 KMs Area |
| 13 | 132 K. V. Sub Station (GETCO) | Near Arani Road, Bhayavadar Ta. Upleta Pin-360450 | Red | 1 KMs Area |
| 14 | 220 K. V. Sub Station (GETCO) | Near Sidasar Road, Moti Paneli Village Ta. Upaleta Pin-360480 | Red | 1 KMs Area |
| 15 | 66 K. V. Sub Station (GETCO) | Near Matra Pir Temple, Kharachiya Village, Ta. Upaleta Pin-360470 | Red | 500 MTR area |
| 16 | 66 K. V. Sub Station (GETCO) | Near Ramapir Temple, Khirasar Road, Arani Village, Pin-360450 | Red | 500 MTR area |
| 17 | Moj Dam | Near Mojira Village, Ta. Upleta Pin-360450 | Yellow | 3 KMS area |

| Sr. No. | Name of Place | Full Postal Address | Recommended Zone (Red/Yellow) | Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov. 2018 |
|---|---|---|---|---|
| 18 | Venu-2 Dam | Near Gatatri Temple, Gadhetad Village, Ta. Upleta Pin-360460 | Yellow | 3 KMS area |
| 19 | Fulzer Dam | Near Mandasam Road, Moti Paneli Village, Ta. Upleta Pin-360480 | Yellow | 3 KMS area |
| 20 | All India Radio Station | Rajkot-Jamnagar High way Road, Near Chawki Dhani Hotel, Targhadi Ta. Paddhari, Dist.-Rajkot | Yellow | 1.5 KMs Area |
| 21 | 220 K. V. Sub Station (GETCO) | Nyara-Dadala Sub Station Rajkot-Jamnagar Highway, Nyara Village Ta. Padadhari 360110 | Yellow | 1 KMs Area |
| 22 | SCA Cricket Stadium | Rajkot-Jamnagar Highway, Khandheri Village Ta-Paddhari | Red | 1 KMs Area |
| 23 | Nyari-2 Dam | Rangapar Village, Ta.-Padadhari | Yellow | 6 KMs Area |
| 24 | Aji-3 Dam | Khajuradi-Khakhadabela Village, Ta.-Padadhari-360110. | Yellow | 6 KMs Area |
| 25 | IOC Oil Pipe Line | Near Bypass Road, Padadhari | Yellow | 1 KMs Area |
| 26 | Water Pumping Station | Rajkot-Jamnagar Highway, Nyara Village Ta.-Padadhari-360110. | Yellow | 1 KMs Area |
| 27 | 66 K. V. Sub Station (GETCO) | Near Santhili Village, ta.-Jasdan-365490 | Red | 2 KMs Area |
| 28 | 66 K. V. Sub Station (GETCO) | Near Pratap Pur Village, Ta.-Jasdan-365490 | Red | 2 KMs Area |
| 29 | 66 K. V. Sub Station (GETCO) | Near Atkot Village, Ta.-Jasdan-360060 | Red | 2 KMs Area |
| 30 | 66 K. V. Sub Station (GETCO) | Near Baldhoi Village, Ta.-Jasdan-360060 | Red | 2 KMs Area |
| 31 | 66 K. V. Sub Station (GETCO) | Near Jivapar Village, Ta.-Jasdan-360060 | Red | 2 KMs Area |
| 32 | 66 K. V. Sub Station (GETCO) | Near Mota Dadva Village, Ta.-Gondal | Red | 2 KMs Area |
| 33 | 66 K. V. Sub Station (GETCO) | Near Iswariya Village, Ta.-Jasdan. | Yellow | 1 KMs Area |
| 34 | 66 K. V. Sub Station (GETCO) | Padvala Main Road, Shapar Veraval Ta.-Kotdasanghani | Red | 1 KMs Area |

| Sr. No. | Name of Place | Full Postal Address | Recommended Zone (Red/Yellow) | Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov. 2018 |
|---|---|---|---|---|
| 35 | 66 K. V. Sub Station (GETCO) | Behind P. S. Plywood, Shapar Veraval Ta.-Kotdasanghani | Red | 1 KMs Area |
| 36 | 66 K. V. Sub Station (GETCO) | Behind Khodiyar Hotel, Kangasiyali Village | Red | 1 KMs Area |
| 37 | Main Bazar | Veraval Main Road, Shapar Veraval Ta. Kotdasanghani | Yellow | 1 KMs Area |
| 38 | Ramapir Temple | At-Dholara Village, Ta.-Lodhika | Yellow | 1 KMs Area |
| 39 | Bridge | Near vagudad patiya Rajkot kalavad state Highway, Vagudad-Lodhika-360021 | Yellow | 1 KMs Area |
| 40 | Ufresh dairy | Gate no. 1 Metoda Gidc metoda Ta. Lodhika-360021 | Yellow | 1 KMs Area |
| 41 | Nyari Dam | Near Vagudad Village, Ta.-Lodhika-360021 | Yellow | 1 KMs Area |
| 42 | Bhadar Dam-1 | Near Lilakha Village Ta. Gondal | Red | 4 KMs Area |
| 43 | 66 K. V. Sub Station (GETCO) | Anida Bhalodi, Vejagam Road, Ta. Gondal | Red | 1 KMs Area |
| 45 | 66 K. V. Sub Station (GETCO) | Lilakha Village, Sultanpur Road, Ta. Gondal, Dist. Rajkot | Red | 1 KMs Area |
| 46 | 66 K. V. Sub Station (GETCO) | Vasavad Village, Main Road Ta. Gondal Dist. Rajkot | Red | 1 KMs Area |
| 47 | 66 K. V. Sub Station (GETCO) | Sadak Pipliya Village, Near Bharudi Tall Plaza Ta. Gondal | Red | 1 KMs Area |
| 48 | 66 K. V. Sub Station (GETCO) | Nani Vavadi Road, Village Supedi Ta. Dhoraji | Red | 1 KMs Area |
| 49 | 66 K. V. Sub Station (GETCO) | Near Moti Parabadi Vilage, Ta.-Dhoraji | Red | KMs Area |
| 50 | Lalsa Bawa ni Dargah | Near Shak Market Chawk, Dhoraji | Yellow | 1 KMs Area |
| 51 | Bhadar Bridge | Upleta National High way Road, Dhoraji | Yellow | 1 KMs Area |
| 52 | Bhadar Dam | Near Upleta National High way Road, Dhoraji | Yellow | 2 KMs Area |
| 53 | Sub Jail | Near Dhoraji Police Station, Dhoraji | Red | 1 KMs Area |

| Sr. No. | Name of Place | Full Postal Address | Recommended Zone (Red/Yellow) | Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov. 2018 |
|---|---|---|---|---|
| 54 | Swaminarayan Temple | Fareni Village, Ta. Dhoraji | Yellow | 1 KMs Area |
| 55 | Swaminarayan Temple | Near Junagadh Road Railway fatak, Dhoraji | Yellow | 1 KMs Area |
| 56 | Haveli Bazar | Near Darabar Gadh, Dhoraji | Yellow | 1 KMs Area |
| 57 | Dhoraji Power House | Near Nabhiraj Society Dhoraji | Yellow | 1 KMs Area |
| 58 | 66 K. V. Sub Station (GETCO) | Near Rupavati Village, Ta.-Vinchhiya | Red | 1 KMs Area |
| 59 | 66 K. V. Sub Station (GETCO) | Near Sanali Villae, Ta.-Vinchhiya | Red | 1 KMs Area |
| 60 | 66 K. V. Sub Station (GETCO) | Near Hathsani Village, Ta.-Vinchhiya | Red | 1 KMs Area |
| 61 | 66 K. V. Sub Station (GETCO) | Near Bandhani Village, Ta.-Vinchhiya | Red | 1 KMs Area |
| 62 | Water Treatment Plants | Near Modhuka Villae, Ta. Jasdan | Yellow | 1 KMs Area |
| 63 | 132 K. V. Sub Station (GETCO) | Aatkot Road, Jasdan Dist. Rajkot-360050 | Red | 1 KMs Area |
| 64 | Bridge of Bhadar River | National Highway Road, Near Navagadh-Jetpur Dist.-Rajkot | Yellow | 700 KMs Area |
| 65 | Bus Station | Junagadh Road, Jetpur. | Yellow | 1 KMs Area |
| 66 | Swaminarayan Temple | M. G. Road, Jetpur | Yellow | 1 KMs Area |
| 67 | Sub Jail | Khodpara, Jetpur | Red | 500 MTR Area |
| 68 | 66 K. V. Sub Station (GETCO) | Dhoraji Road, Jetpur | Red | 1 KMs Area |
| 69 | 66 K. V. Sub Station (GETCO) | Bhojadhar, Khirasara Rod, Jetpur | Red | KMs Area |
| 70 | Filter Plant | Khirasara Road, Jetpur | Yellow | 1 KMs Area |
| 71 | Food Godown | Navagadh, Jetpur | Yellow | 1 KMs Area |

| Sr. No. | Name of Place | Full Postal Address | Recommended Zone (Red/Yellow) | Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov. 2018 |
|---|---|---|---|---|
| 72 | 66 K. V. Sub Station (GETCO) | Near Kalavad Road, Jamkandorna-360405 | Red | 1 KMs Area |
| 73 | 66 K. V. Sub Station (GETCO) | Near Satodad Village Ta. Jamkandorna | Red | 1 KMs Area |
| 74 | 66 K. V. Sub Station (GETCO) | Near Sanala Raydi Road, Ta. Jamkandorna | Red | 1 KMs Area |
| 75 | 66 K. V. Sub Station (GETCO) | Near Rangpar Village Ta. Jamkandorna | Red | 1 KMs Area |
| 76 | 66 K. V. Sub Station (GETCO) | Near Chitravad Village Ta. Jamkandorna | Red | 1 KMs Area |
| 77 | 66 K. V. Sub Station (GETCO) | Near Raydi, Dhoraji Road, Ta. Jamkandorna | Red | 1 KMs Area |
| 78 | 66 K. V. Sub Station (GETCO) | Near Khajurada Village Balapar Road, Ta. Jamkandorna | Red | 1 KMs Area |
| 79 | 66 K. V. Sub Station (GETCO) | Near Gundasari Road, Ta. Jamkandorna | Red | 1 KMs Area |
| 80 | Fofal Dam | Near Mota Dhudhivadar Village Ta. Jamkandorna | Yellow | 1 KMs Area |
| 81 | 66 K. V. Sub Station (GETCO) | Bagasara Road, Devakigalol Ta.-Jetpur | Red | 1 KMs Area |
| 82 | 66 K. V. Sub Station (GETCO) | Vadiya Road, Amaraparl Village Ta.-Jetpur | Red | 1 KMs Area |
| 83 | 66 K. V. Sub Station (GETCO) | Pachpipala Village Ta.-Jetpur | Red | 1 KMs Area |
| 84 | 66 K. V. Sub Station (GETCO) | Arabtimadi Village Ta.-Jetpur | Red | 1 KMs Area |
| 85 | 66 K. V. Sub Station (GETCO) | Jetalsar Gam Village, Ta.-Jetpur | Red | 1 KMs Area |
| 86 | 66 K. V. Sub Station (GETCO) | Mandalikpur Village Ta.-Jetpur | Red | 1 KMs Area |
| 87 | Railway Station | Jetalsar Junction Vilage Ta.-Jetpur | Yellow | 1 KMs Area |
| 88 | Pumping Station | Near Amarnagar Village Ta.-Jetpur | Yellow | 500 MTR area |
| 89 | Bus Station | Gudala Road Gondal-360311 | Yellow | 500 MTR area |

| Sr. No. | Name of Place | Full Postal Address | Recommended Zone (Red/Yellow) | Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov. 2018 |
|---|---|---|---|---|
| 90 | Railway Station | Station Plot Gondal-360311 | Yellow | 1 KMs Area |
| 91 | Swaminarayan Temple B.A.P.S. | Opp. Yoginagar, Ashapura Road, Gondal-360311 | Yellow | 2 KMs Area |
| 92 | Sub Jail | Vora Kotda Road, Gondal-360311 | Red | 2 KMs Area |
| 93 | SRP Group 8 Gondal | Kotada Sangani Road, Gondal-360311 | Yellow | 4 KMs Area |
| 94 | 220 K. V. Sub Station (GETCO) | Jetpur Road, Gondal Dist.-Rajkot | Red | 1.5 KMs Area |
| 95 | Sureshwar Dem | Near Suresh Mahadev Temple, Veri Talav Gondal-360311 | Yellow | 5 KMs Area |
| 96 | Ashapura Filter Plant | Near Ashapura Tempal Gondal-360311 | Yellow | 0.50 KMs Area |
| 97 | 66 K. V. Sub Station (GETCO) | Ribada Road, Kotda Sangani | Red | 1 KMs Area |
| 98 | 66 K. V. Sub Station (GETCO) | Near Hadmtala Village Ta-Kotda Sangani | Red | 1 KMs Area |
| 99 | 66 K. V. Sub Station (GETCO) | Near Satapa Village Ta-Kotda Sangani | Red | 1 KMs Area |
| 100 | 66 K. V. Sub Station (GETCO) | Near Ramod Village, Ta-Kotda Sangani | Red | 1 KMs Area |
| 101 | Karmal Dam | Near Vadipara Village Ta-Kotda Sangani | Yellow | 1 KMs Area |
| 102 | Bus Station | Upleta Kolki Road | Yellow | 1 KMs Area |
| 102 | Sub Jail | Darbargadh, Upleta | Red | 1 KMs Area |
| 103 | Matrimataji Temple | Patanvav Osam Dungar | Yellow | 1 KMs Area |
| 104 | Wild Life Sanctuary | Jasdan-Ahamdavad Highway Road, Hingol-gadh Village, Ta.-Vinchhiya | Red | 7 KMs Area |
| 105 | Wireless & Microwave Station Ribada | Ribada Railway Station Ta. Gondal | Yellow | 100 mtr Distance Form Perimeter |

| Sr. No. | Name of Place | Full Postal Address | Recommended Zone (Red/Yellow) | Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov. 2018 |
|---|---|---|---|---|
| 106 | Bhadar River Bridge Between Navagam & Virpur | Navagadh Ta. Jetpur | Yellow | 50 mtr Distance Form Both the sides and ends |
| 107 | Wireless & Microwave Station | At-Jetalsar Railway Station, Ta. Jetpur | Yellow | 100 mtr Distance Form Perimeter |
| 108 | Fuel Point Station Jetalsar | At-Jetalsar Railway Station, Ta. Jetpur | Yellow | 100 mtr Distance Form Perimeter |

**અપવાદ :**

સરકારી વિભાગો, પોલીસ વિભાગ અને સુરક્ષાબળોના ઉપરોકત સંસાધનોને આ જાહેરનામામાંથી મુકિત આવપામાં આવે છે. જુદા-જુદા કારણોસર ડ્રોનથી શુટીંગ કરવાની પરવાનગી પોલીસ અધિક્ષકશ્રી કે તેઓ દ્વારા અધિકૃત પોલીસ સબ ઈન્સપેકટરથી નીચેની રેન્કના ન હોય તેવા પોલીસ અધિકારી આપી શકશે.

**શિક્ષા :**

આ જાહેરનામાનો કોઈ પણ ખંડનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે રાજકોટ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રીથી એ.એસ.આઈ. સુધીનો હોદો ધરાવનાર પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

**સમયગાળો :**

આ જાહેરનામુ તા. ૦૧-૦૯-૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૧૦-૨૦૨૬ ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટરશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટના નોટીસ બોર્ડ પર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી તેમજ સરકારી ગેઝેટમાં પ્રકાશીત કરાવી પ્રસિધ્ધી કરવામાં આવશે.

આજ તારીખ ૨૯, માહે ઓગષ્ટ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો લગાડી હુકમ બહાર પાડયો.

રાજકોટ, ૨૯ માહે ઓગષ્ટ, સને ૨૦૨૬.

---

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું**

## જાહેરનામું

નં. જે/એમએજી/શ્રમિક-લેબર/પોલીસ વેરીફીકેશન/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય તા. ૨૫-૦૮-૨૦૨૬ના પત્ર ક્રમાંક : SPRJKR/0277/08/2026 થી જણાવ્યાનુસાર તા. ૧૨-૦૫-૨૦૨૫ ના માન. ગૃહમંત્રીશ્રી ગુજરાત રાજ્યના અધ્યક્ષ સ્થાને થયેલ વિડીયો કોન્ફરન્સમાં આપવામાં આવેલ સુચના મુજબ ગુજરાત રાજ્યમાં અલગ-અલગ ઔદ્યોગિક એકમોમાં અને અન્ય ખાનગી એકમો તરફથી મોટી સંખ્યામાં અસંગઠિત શ્રમિકો/કામદારો રોજગારી માટે આવતા હોય છે. રોજગારી આપતી સંસ્થાઓ/એકમો/માલિકો તરફથી શ્રમિકો/કામદારોનો કોઈ પૂર્વ ઈતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટેની પ્રક્રિયા અપનાવવામાં આવતી નથી. જેના કારણે અસામાજિક તત્વો, ગુન્હાહીત ઈતીહાસ ધરાવતી વ્યકિતઓ અને ભારતીય નાગરિકતા નહી ધરાવતી વ્યકિતઓને રોજગારી આપી દેવામાં આવતી હોય છે. જે દેશ અને રાજ્યની આંતરિક સુરક્ષા માટે યોગ્ય અને ઈચ્છનીય નથી.

રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ભુતકાળમાં બનેલ લુંટ, ધાડ, ખુન તથા અપહરણ જેવા બનાવોના આરોપીઓની વિગતો જોતા ઘણા કિસ્સાઓમાં કારખાનામાં, મકાન બાંધકામમાં, ફાઉન્ડ્રી ઉદ્યોગમાં, હીરા ઉદ્યોગમાં તથા ફેકટરીઓમાં અને ખેતીના તેમજ વેપાર-ધંધામાં મજૂર તરીકે કામ કરતા કારીગરો ગંભીર પ્રકારના ગુન્હાઓ આચર્યા બાદ અન્ય રાજ્ય કે જિલ્લામાં નાસી જતા હોય છે. જેના કારણે ગુન્હા વણશોધાયેલા રહેવા

પામે છે. તેમજ ઘણા કિસ્સાઓમાં તેમના વતનમાં કે કોઈ અન્ય શહેરમાં ગંભીર પ્રકારના ગુન્હાઓ આચરી રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આશરો લેતા હોય છે. આમ, રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારની સલામતિ અને શાંતી જળવાઈ રહે તે સારૂ રાજકોટ જિલ્લા ગ્રામ્યમાં રહેતા તમામ પરપ્રાંતીયો, કારખાના/ઔદ્યૌગિક એકમો/મકાનો વિગેરેમાં કામ કરતા રહેતા તમામ પરપ્રાંતીય શ્રમિકો/કામદારોની નાગરિકતાની ખરાઈ કરવા સારૂ ફખત આધારકાર્ડ ઉપર નિર્ભર નહી રહેતા આવા તમામ શ્રમિકો/કામદારોના પૂર્વ ઈતીહાસ, નાગરિકતા અને ઓળખ અંગે જરૂરી દસ્તાવેજો જેવા કે, જન્મ અંગેનું પ્રમાણપત્ર/પાસપોર્ટ/મતદાર કાર્ડ કે અન્ય ભારતીય હોવા અંગેના માન્ય પુરાવાઓની ચકાસણી કર્યા બાદ જ તમામ સંસ્થા/એકમો/ માલિકો તરફથી આવા તમામ શ્રમિકો/કામદારોને રોજગારી આપવમાં આવે તે ઈચ્છનીય અને જરૂરી જણાય છે.

જેથી, હું, **જે. એચ. બારોટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રુએ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટની હકુમત સિવાયના રાજકોટ જીલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આવતા તમામ સંસ્થા/એકમો/માલિકો તરફથી પરપ્રાંતીયોને રોજગારી આપવામાં આવે ત્યારે દરેક શ્રમિકો/કામદારોની સાચી ઓળખ પ્રસ્થાપિત થાય તે સારૂ ફકત આધારકાર્ડ કે ભારતીય હોવા અંગે નીચેના મુદ્દાઓ ધ્યાને લેવા આથી હુકમ કરૂ છું.

(૧) તમામ કામદારોના પરપ્રાંતિયઓની નાગરિકતાની ખરાઈ કરવા સારૂ તેઓના ભારતીય હોવા અંગે જન્મનું પ્રમાણપત્ર/પાસપોર્ટ/મતદાર કાર્ડ વગેરેની માહિતી મેળવી વેરીફાઈ કર્યા બાદ જ નોકરી પર રાખવા.

(૨) મજુરી અથવા કામે રાખવામાં આવતા અન્ય નોકરીયાતોને તાજેતરનો ફોટો તથા ઓરીજનલ ડોક્યુમેન્ટની સ્વપ્રમાણીત કોપી ફરજીયાત મેળવવાની રહેશે.

(૩) મજુરોનું પોલીસ વેરીફીકેશન ત્વરીત જ કરાવવાનું રહેશે.

(૪) લોકલ કોઈ એજન્સી મારફતે હાયર કરવામાં આવેલ છે તે મેનપાવર સપ્લાય એજન્સીની સંપૂર્ણ વિગત નિભાવવાની રહેશે.

**પ્રતિબંધિત સમય :**

આ હુકમ તા. ૦૧-૦૯-૨૦૨૬ થી તા. ૩૧-૧૦-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

**સજા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે રાજકોટ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી એ.એસ.આઈ. સુધીનો હોદો ધરાવનાર પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો પાસેથી જાહેર-વ્યવસ્થા કે લોકોમાં ભય ફેલાય તેવો કોઈપણ સામાન પોલીસ તપાસ અર્થે કબજે લઈ શકશે.

તમામને વ્યક્તિગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય એકતરફી હુકમ કરૂં છું. આ હુકમ રાજકોટ રૂરલ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૨૯, માહે ઓગષ્ટ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૨૯ માહે ઓગષ્ટ, સને ૨૦૨૬.

---

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના અધિનિયમ-૨૨ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ

### હુકમ

નં. જે/એમએજી/ક. ૩૭ (૧)/જા. નામુ/સપ્ટેમ્બર-૨૬/ફા.નં. ૩૨/૨૦૨૬.-આગામી માહે સપ્ટેમ્બર-૨૦૨૬ના માસ દરમ્યાન જન્માષ્ટમી, સવંતસરી, શ્રી વિઠ્ઠલભાઈ પટેલની જયંતી જેવા વિવિધ ધાર્મિક તહેવારોની ઉજવણી થનાર છે તેમજ રાજકોટ ગ્રામ્ય જીલ્લામાં વિવિધ રાજકીય પક્ષો તેમજ સંગઠનો દ્વારા આંદોલનો, રેલીઓ/ધરણા જેવા કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. જે ધ્યાને લેતાં આ સમય દરમ્યાન રાજકોટ ગ્રામ્ય, જિલ્લા વિસ્તારમાં કાયદો વ્યવસ્થા, જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવો બનવા ન પામે તે માટે નીચે મુજબ હુકમ બહાર પાડવાનું અમોને ઈષ્ટ જણાય છે.

જેથી હું, **જે. એચ. બારોટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** સને ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મળેલ સત્તાની રુએ આ નીચે દર્શાવ્યા મુજબના વિસ્તારમાં તા. ૦૧-૦૯-૨૦૨૬ થી ૩૦-૦૯-૨૦૨૬ સુધી નીચે દર્શાવ્યા મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

**કૃત્યો :**

(૧) હથિયાર, તલવાર, ભાલા, બંદુક, છરી, લાકડી કે લાઠી, શસ્ત્રો, સળગતી મશાલ, બીજા હથિયારો કે જેના વડે શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું,

(૨) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની,

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાનાં યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવની તથા તૈયાર કરવાની, તથા કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો લઈ જવાની,

(૪) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની,

(૫) લોકોએ બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની,

(૬) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતિ જોખમાતી હોય અથવા જેને પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

**વિસ્તાર :**

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર, રાજકોટની હકુમત સિવાયનો રાજકોટ ગ્રામ્ય જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

**અપવાદ : આ હુકમના ખંડ-૧ તથા ૨ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિ કે જેને તેમના ઉચ્ચ અધિકારીએ કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય.

(૨) વૃધ્ધો તથા અશક્તો કે જેઓને લાકડીના ટેકે ચાલવાનું હોય.

(૩) સક્ષમ સત્તાધિકારીશ્રી તરફથી જેને પરવાનગી આપવામાં આવેલ હોય તેવી વ્યક્તિઓ.

**શિક્ષા :**

આ જાહેરનામાનો કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં પોલીસ દ્વારા પ્રસારીત કરીને તથા જાહેર દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને તથા સ્થાનિક વર્તમાનપત્રો અને ગુજરાત રાજ્યના અસાધારણ રાજયપત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તારીખ ૨૯મી, માહે ઓગષ્ટ-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાડી હુકમ બહાર પાડ્યો.

રાજકોટ, ૨૯ માહે ઓગષ્ટ, સને ૨૦૨૬.

---

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું**

## જાહેરનામું

નં. : જે/એમએજી/બીનવારસી વસ્તુ/પ્રતિબંધ/ફા.નં.૨૬/૨૦૨૩.-ભુતકાળમાં ગુજરાત રાજ્યમાં અમદાવાદ, મોડાસા શહેર તેમજ બેંગ્લોર અને દિલ્હી શહેરમાં આતંકવાદી સંગઠનો દ્વારા શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટો કરવામાં આવેલ છે. જે તમામ બનાવોને ધ્યાનમાં લેતાં જાહેર જગ્યાઓ પર બોમ્બ વિસ્ફોટ કરવા માટે ખાસ કરીને સાયકલ તથા ટુ-વ્હીલર પર ટીફીન બોકસ તથા અન્ય સામાનમાં વિસ્ફોટક સામગ્રી રાખી બોમ્બ ધડાકા કરવામાં આવેલ છે. આવા બોમ્બ વિસ્ફોટો જ્યાં વધારે પ્રમાણમાં લોકોની અવર-જવર રહેતી હોય અને ભેગા થતા હોય તેવી ભીડભાડવાળી જગ્યાએ કરવામાં આવે છે. જે બનાવોને ધ્યાનમાં લેતા રાજકોટ ગ્રામ્ય જિલ્લા વિસ્તારની જનતાએ પણ સુરક્ષાની રીતે આવી જાહેર જગ્યાઓ પર ટીફીન બોકસ અગર અન્ય કોઈ સામાન સાથે સાયકલ કે ટુ-વ્હીલર કોઈપણ વ્યકિતની દેખરેખ સિવાય જાહેર જગ્યાએ રાખવા પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

જેથી હું, **જે. એચ. બારોટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટની હકુમત સિવાયના રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં જાહેર રસ્તા/રોડ, ફુટપાથ, શેરી/ગલી પર કોઈ વ્યક્તિની દેખરેખ સિવાય (નધણીયાતી રીતે) ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ-વહીલર, ફોર-વ્હીલર વાહનો બીનવારસી મુકવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**પ્રતિબંધિત સમય :**

આ હુકમ તા. ૦૧-૦૯-૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૧૦-૨૦૨૬ નાં કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

ઉપરોક્ત પ્રતિબંધિત કૃત્ય મુજબ ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર જગ્યા/રસ્તા તથા ફુટપાથ પર કોઈ વ્યક્તિની દેખરેખ સિવાય (નધણીયાતી રીતે) બીનવારસી હાલતમાં મળી આવશે તો તે સાયકલ, ટુ વ્હીલર તથા ટીફીન બોકસ કે અન્ય કોઈ સામાન પોલીસ તપાસ અર્થે કબજે લઈ શકશે.

**સજા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

તમામને વ્યક્તિગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય એકતરફી હુકમ કરૂં છું. આ હુકમ રાજકોટ રૂરલ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૨૯, માહે ઓગષ્ટ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૨૯ માહે ઓગષ્ટ, સને ૨૦૨૬.

---

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું**

## જાહેરનામુ

નં. જે/એમએજી/બોર-કુવા/જા.નામુ/ફા.નં. ૨૩/૨૦૨૩.-લોકો દ્વારા કરવામાં આવતા બોર-કુવામાં પડી જવાથી બાળકોના મૃત્યુ થયાના અનેક કિસ્સાઓ સમાચારપત્રો અને ઈલેકટ્રોનિકસ મીડીયામાં અગાઉ પ્રસિધ્ધ થયેલ છે. પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા. ૧૮-૦૭-૨૦૧૨ થી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ ઉકત બાબતે જાહેરનામું પ્રસિધ્ધ કરવા સુચના થઈ આવેલ છે.

આવા ગંભીર, માનવ જીંદગી જોખમાવતા બનાવો બનતા અટકાવવા જાહેર હિતમાં ઈચ્છનીય છે. જેથી વર્તમાન પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સુલેહ જાળવવા તથા માનવ જીંદગી જોખમાતી બચાવવા પગલા લેવા જરૂરી છે. જેથી રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ સિવાયના વિસ્તારમાં કોઈપણ પ્રકારની સુલેહ-શાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતિ તથા કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે મુજબનો પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, **જે. એચ. બારોટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ રાજકોટ જિલ્લાના રાજકોટ પોલીસ કમિશનરેટ વિસ્તાર સિવાયના વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા ફરમાવું છું.

**કૃત્યો :**

(૧) રાજકોટ ગ્રામ્ય જિલ્લા વિસ્તારમાં ખેતીના ઉપયોગ માટે તથા અન્ય હેતુ માટે લોકો દ્વારા કુવા ખોદવામાં આવે છે અને અનાયાસે આ કુવા ફેઈલ થઈ જતાં તે બંધ કર્યા સિવાય જે-તે અવસ્થામાં માલીકો દ્વારા છોડી દેવામાં આવે છે તેવા બોરકુવા તાત્કાલીક અસરથી જે-તે માલીકોએ પુરાણ કરી બંધ કરી દેવાના રહેશે.

(૨) જે બોર હાલ બીનજરૂરી (બીનવપરાશ) હોય પરંતુ ભવિષ્યમાં તેનો ઉપયોગ કરવાનો હોય તેવા ખુલ્લા રાખેલ બોરને અકસ્માત થતો અટકાવવા બોરકેપ નટ-બોલ્ટ સહિતના ફરજીયાત લગાવી ઢાંકી દેવાના રહેશે.

(૩) દરેક ખાતેદારે ખેતી હેતુ માટે ઉપયોગમાં લેવાતા તમામ કુવાની ફરતે પાકી દિવાલ બનાવી લેવાની રહેશે.

**સમયમર્યાદા :**

આ હુકમ તા. ૦૧-૦૯-૨૦૨૬ થી તા. ૩૧-૧૦-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

**સજા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શકય ન હોય એકતરફી હુકમ કરૂં છું. આ હુકમ રાજકોટ રૂરલ જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૨૯, માહે ઓગષ્ટ-૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

રાજકોટ, ૨૯ માહે ઓગષ્ટ, સને ૨૦૨૬.

---

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા(BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું**

## જાહેરનામું

નં. એમએજી/આંગણીયા પેઢી/સીસીટીવી/ફા.નં. ૩૬/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટના તા. ૨૫-૦૮-૨૦૨૬ ના પત્ર નં. SPRJKR/0282/08/2026 થી રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં જવેલર્સ, શરાફી મંડળી તથા આંગડીયા પેઢી અને પેટ્રોલ પંપ, મંદિર/આશ્રમ, હોસ્ટેલ/પી.જી., પવનચક્ક, ગેસ એજન્સી તથા મલ્ટીસ્ટોર, ભંગારની દુકાન/ગોડાઊનમાં થતી ધાડ, લૂંટ અને ચોરીના ગુન્હા અટકાવવા માટે તથા વણશોધાયેલા ગુન્હાઓ શોધવા માટે જવેલર્સ, શરાફી મંડળી તથા આંગણીયા પેઢી અને પેટ્રોલ પંપ, મંદિર/આશ્રમ, હોસ્ટેલ/પી.જી., પવનચક્ક, ગેસ એજન્સી તથા મલ્ટીસ્ટોર, ભંગારની દુકાન/ગોડાઊન ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન હાઈડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ અનિવાર્ય રીતે મુકે તે માટે જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ કરેલ છે. સદરહું દરખાસ્ત મુજબ રાજકોટ ગ્રામ્ય પોલીસ જિલ્લા વિસ્તારમાં થતી ધાડ, લુંટ અને ચોરીઓના ગુન્હાઓ અટકાવવા માટે તથા વણશોધાયેલ ગુન્હાઓ શોધવા માટે રાજકોટ ગ્રામ્ય જિલ્લાના તમામ જવેલર્સ, શરાફી મંડળી તથા આંગણીયા પેઢી અને પેટ્રોલ પંપ, મંદિર/આશ્રમ, હોસ્ટેલ/પી.જી., પવનચક્ક, ગેસ એજન્સી તથા મલ્ટીસ્ટોર, ભંગારની દુકાન/ગોડાઊનમાં વાહનોના નંબર પ્લેટ અને વાહનના ચાલક તથા તેની બાજુમાં બેઠેલ વ્યકિતનું રેકોર્ડીંગ થઈ શકે તેવા સી.સી.ટી.વી. કેમેરા નાઈટ વીઝન તથા હાઈ ડેફીનેશનવાળા કેમેરા પુરતી સંખ્યામાં રાખવા તથા ડીજીટલ રેકોર્ડીંગનો બેક-અપ ડેટા ડેટાબેઈઝમાં જાળવવામાં આવે તે જાહેર સલામતિની દૃષ્ટિએ અત્યંત આવશ્યક જણાય છે.

જેથી હું, **જે. એચ. બારોટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા(BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, રાજકોટ ગ્રામ્ય પોલીસ જિલ્લા વિસ્તારમાં થતી ધાડ, લુંટ અને ચોરીઓના ગુન્હાઓ અટકાવવા માટે તથા વણશોધાયેલા ગુન્હાઓ શોધવા માટે રાજકોટ ગ્રામ્ય જિલ્લાના તમામ જવેલર્સ, શરાફી મંડળી તથા આંગડીયા પેઢી અને પેટ્રોલ પંપ, મંદિર/આશ્રમ, હોસ્ટેલ/પી.જી., પવનચક્ક, ગેસ એજન્સી તથા મલ્ટીસ્ટોર, ભંગારની દુકાન/ગોડાઊનમાં આવતી-જતી વ્યકિતઓ તથા વાહનોની ઓળખ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં નાઈટ વીઝન તથા હાઈ ડેફીનેશન વાળા કેમેરા ગોઠવવાના રહેશે. જે-તે એકમમાં એન્ટ્રી (Entry) અને એકઝીટ (Exit) પોઈન્ટ સ્પષ્ટ રીતે દેખાય તે રીતે નાઈટ વીઝન તથા હાઈ ડેફીનેશન વાળા સી.સી. ટી.વી. કેમેરા ગોઠવવાના રહેશે.

ઉકત સી.સી.ટી.વી. કેમેરા રાત્રી દરમ્યાન રેકોર્ડીંગ થઈ શકે તેવી કવોલીટીના રાખવા અને આવા ડીજીટલ રેકોર્ડીંગ તેમજ કોમ્પ્યુટર નોંધણીનો ડેટા બેક-અપ ૩૦ (ત્રીસ) દિવસ સુધી જાળવી રાખવો. તેમજ સલામતિ વિષયક બાબતો સંભાળતી પોલીસ સહિતની કોઈપણ એજન્સી આવા ડેટાની માંગણી કરે ત્યારે બનતી ત્વરાએ ઉપલબ્ધ કરાવવો.

**અમલવારીનો વિસ્તાર :**

આ હુકમ રાજકોટ પોલીસ કમિશનરેટની હકુમત સિવાયના સમગ્ર રાજકોટ ગ્રામ્ય જિલ્લાના વિસ્તારમાં તા. ૦૧-૦૯-૨૦૨૬ થી તા. ૩૧-૧૦-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

**શિક્ષા :**

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું એવો આદેશ કરૂં છું કે, આ હુકમ રાજકોટ રૂરલ જિલ્લામાં ઉકત નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે. તેમજ આ જાહેરનામાનો ભંગ બદલ ફરીયાદ કરવા માટે પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૯, માહે ઓગષ્ટ-૨૦૨૬ નાં રોજ મારી સહી સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૯ માહે ઓગષ્ટ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

## જાહેરનામુ

નં. જે/એમએજી/ટોલ ગેઈટ/સીસીટીવી/ફા.નં. ૩૦/૨૦૨૩.-ભુતકાળમાં અમદાવાદ શહેર તેમજ મુંબઈમાં તેમજ દેશના વિવિધ શહેરોમાં ત્રાસવાદીઓએ પ્રવેશ કરી અંધાધુંધ ગોળીબાર અને સ્ફોટક પદાર્થોનો ઉપયોગ તેમજ હેન્ડ ગ્રેનેડનો ઉપયોગ કરી રાષ્ટ્રના તમામ લોકોને ભયજનક સ્થિતિમાં મુકી દીધેલ. હાલે સમગ્ર રાજ્ય અને રાષ્ટ્રમાં ત્રાસવાદી પ્રવૃતિઓમાં દિનપ્રતિદિન વધારો થતો હોવાનું જણાયેલ છે. આવા બનાવો પરથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્વો વાહનો મારફતે મુસાફરી કરી શહેરી વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી ઉપરોક્ત વિગતે ત્રાસવાદી પ્રવૃતિ આચરી જાહેર સલામતિ અને શાંતિનો વ્યાપકપણે ભંગ કરેલ છે, તેમજ જાન-માલ અને માનવ જીંદગીની તેમજ મિલ્કતની પણ મોટાપાયે ખુવારી કરી ગુન્હાઓ આચરી વાહનો મારફતે નાસી છુટતા હોય છે. તાજેતરમાં મિલ્કત સબંધી ગુન્હાઓ અને મુંબઈ પ્રોહીબીશન એકટ હેઠળના ગુન્હાઓનું પ્રમાણ પણ વધવા પામેલ હોય તેમજ ગુન્હેગારો આવા ગુન્હાઓ આચરી ગુન્હાના સ્થળેથી અન્ય જિલ્લા તેમજ રાજ્ય બહાર પણ નાસી જાય છે. ત્રાસવાદીઓ/ગુન્હેગારોએ વાહન મારફતે મુસાફરી કરી હોય તેની વિગતો બનાવ પછી મળે છે. પરંતુ વાહનની પાકી ઓળખ પ્રસ્થાપિત થઈ શકતી નથી જેનો લાભ ગુનો આચરનારને મળે છે.

રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં અન્ય રાજ્યમાંથી કે અન્ય જિલ્લામાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વોને શોધી પકડી પાડવા અને ગંભીર પ્રકારના ગુન્હાઓ થતા અટકાવવા, થયેલ ગુન્હોઓનો પર્દાફાશ કરવા તથા ગુનેગારોને પકડી શકાય તે માટે રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં રાજ્ય ધોરી માર્ગ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર હાલ નીચે મુજબ કાર્યરત ટોલનાકા પરના વાહનોના પુરેપુરા રજીસ્ટ્રેશન નંબરોની નોંધણી થાય તેમજ આવા વાહન અને વાહન ચાલકોના ફોટોગ્રાફસ પણ લઈ ડેટાબેઈઝમાં જાળવવામાં આવે તે જાહેર સલામતિની દ્રષ્ટિએ અત્યંત આવશ્યક જણાય છે.

| ક્રમ | ધોરી માર્ગ નંબર અને નામ | હાલ કાર્યરત ટોલનાકાનું સ્થળ | ધોરીમાર્ગ જે એજન્સીનો છે તેનું નામ |
|---|---|---|---|
| ૧ | રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૮-બી, પોરબંદર-રાજકોટ. | ઉપલેટા તાલુકાના ડુમીયાણી ગામ પાસે | નેશનલ હાઈ-વે ઓથોરીટી ઓફ ઈન્ડિયા |
| ૨ | રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૮-બી, પોરબંદર-રાજકોટ. | જેતપુર તાલુકાના પીઠડીયા ગામ પાસે | નેશનલ હાઈ-વે ઓથોરીટી ઓફ ઈન્ડિયા |
| ૩ | રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૮-બી, પોરબંદર-રાજકોટ. | ગોંડલ તાલુકાના ભરૂડી ગામ પાસે | નેશનલ હાઈ-વે ઓથોરીટી ઓફ ઈન્ડિયા |
| ૪ | રાજ્ય ધોરી માર્ગ રાજકોટ-જામનગર-વાડીનાર | પડધરી તાલુકાના વણપરી ગામ પાસે | રાજકોટ જિલ્લા માર્ગ અને મકાન વિભાગ |

ઉક્ત ટોલનાકા ઉપરાંત કોઈ નવા ટોલનાકા ઉપસ્થીત કરવામાં આવે તો તેવા ટોલનાકા ઉપર પણ આ હુકમ લાગુ પડશે.

જેથી હું, **જે. એચ. બારોટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** ભારીતય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, રાજકોટ ગ્રામ્ય પોલીસ જિલ્લા વિસ્તારમાં આવેલ ઉપરોક્ત ટોલનાકાઓના મેનેજરશ્રી, વહીવટકર્તાઓ તેમજ ટોલનાકા માટે ટોલટેક્સ વસુલાત માટે કોન્ટ્રાક્ટ આપનાર સંબંધિત સતાધિકારીઓએ ટોલનાકામાંથી પસાર થતાં તેમજ ટોલાનાકા સર્વિસ રોડ પરથી પસાર થતાં તમામ વાહનોના નંબર પ્લેટ અને વાહનના ચાલક સ્પષ્ટ રીતે દેખાય તે રીતે સી.સી. ટી.વી. કેમેરા ગોઠવી ટોલનાકામાંથી પસાર થતાં વાહનોનું રેકોર્ડીંગ કરવું તથા વાહનોના રજીસ્ટ્રેશનની સંપુર્ણ વિગતોની નોંધણી કરવી. તેમજ ટોલપ્લાઝા પર અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, એ. એસ. ટી. ગુજરાત રાજ્ય, અમદાવાદના ખાનગી પત્ર ક્રમાંક : એટીએસ/મુ. મથક/૯૫/૨૦૧૨ તા. ૦૩-૧૨-૨૦૧૨માં દર્શાવવામાં આવેલ વિકલ્પ-૧ અથવા વિકલ્પ-૨ મુજબના સ્પેસીફીકેશન ધરાવતા લગાવવાના રહેશે.

ઉપરાંત સમગ્ર રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં થતી ધાડ, લુંટ અને ચોરીઓના ગુન્હાઓ અટકાવવા માટે તથા વણશોધાયેલ ગુન્હાઓ શોધવા માટે હાઈવે પરના પેટ્રોલપંપ ઉપર, હાઈવે ઉપરની હોટલો ઉપર, હાઈવે ઉપરના સીનેમાહોલ તેમજ જિલ્લાના મોટા મંદિરો, સાયબરકાફે, જવેલર્સની દુકાનો અને હોસ્ટેલો ઉપર સ્થાનિક માલિકો/સંચાલકો દ્વારા બિલ્ડીંગની અંદર અને બહાર જાહેર રોડને કવર કરે તે રીતે સારી કવોલીટીના સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે.

આવા સી.સી.ટી.વી. કેમેરા નાઈટ વીઝન તથા હાઈ ડેફીનેશન રાખવા તેમજ કેમેરા પુરતી સંખ્યામાં રાખવા જેથી વ્યકિત કે વાહન આઈડેન્ટીફાઈ થઈ શકે, ઉક્ત સી.સી.ટી.વી. કેમેરા રાત્રી દરમ્યાન રેકોર્ડીંગ થઈ શકે તેવી કવોલીટીના રાખવા અને આવા ડીજીટલ રેકોર્ટીંગ તેમજ કોમ્પ્યુટર નોંધણીનો ડેટા બેક-અપ ૨૦ (વીસ) દિવસ સુધી જાળવી રાખવો. તેમજ સલામતિ વિષયક બાબતો સંભાળતી પોલીસ સહિતની કોઈપણ એજન્સી આવા ડેટાની માંગણી કરે ત્યારે બનતી ત્વરાએ ઉપલબ્ધ કરાવવો.

**જાહેરનામાના અમલનો સમય અને વિસ્તાર :**

આ હુકમ રાજકોટ પોલીસ કમિશ્નરેટની હકુમત સિવાયના સમગ્ર રાજકોટ ગ્રામ્ય જિલ્લાના વિસ્તારમાં તા. ૦૧-૦૯-૨૦૨૬ થી તા. ૩૧-૧૦-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

**શિક્ષા :**

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું એવો આદેશ કરૂં છું કે, આ હુકમ રાજકોટ રૂરલ જિલ્લામાં ઉકત નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડસ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૨૯, માહે ઓગષ્ટ-૨૦૨૬ ના રોજ મારી સહી સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૯ માહે ઓગષ્ટ, સને ૨૦૨૬.

---

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું**

## જાહેરનામુ

નં. જે/એમએજી/પરપ્રાંતીય/મજુર/જા.નામુ/ફા.નં.૨૪/૨૦૨૩.-ભુતકાળમાં બનેલ લુંટ, ધાડ, ખુન તથા અપહરણ જેવા બનાવોના આરોપીઓની વિગતો જોતા ઘણા કિસ્સાઓમાં કારખાનામાં, મકાન બાંધકામમાં, ફાઉન્ડ્રી ઉદ્યોગમાં, હીરા ઉદ્યોગમાં તથા ફેકટરીઓમાં અને ખેતીના તેમજ વેપાર-ધંધામાં મજૂર કે ભાગીયા તરીકે કામ કરતા પરપ્રાંતીય કારીગરો ઉપરોક્ત ગંભીર ગુન્હા પોતે તથા તેમના સાગરીતો દ્વારા આચર્યા બાદ ભાગી જતા હોય છે. જેના કારણે આવા ગુનાઓ વણશોધાયેલા રહેવા પામે છે. તેમજ ઘણા કિસ્સામાં આવા પરપ્રાંતિય તેમના વતનમાં કે કોઈ અન્ય શહેરમાં ગંભીર ગુનાઓ આચરી રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આશરો લેતા હોય છે તેવી હકીકત પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટએ જણાવેલ છે. આવા ઈસમો રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારની સલામતિ અને શાંતી જોખમાય તેવા કૃત્ય કરતા હોય છે. જેથી જાહેર જનતાની શાંતી અને સલામતિ જાળવવા સારૂ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું નીચેની વિગતેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટએ વિનંતી કરેલ છે. જે વિગતેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

જેથી, હું, **જે. એચ. બારોટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ,** ગુજરાત સરકારના ગૃહ વિભાગ, ગાંધીનગરના તા. ૪-૧૧-૧૯૮૨ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ના સંકલિત જાહેરનામાં નં. જીજી/ફઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બીલ્ડર્સ, ફાઉન્ડ્રી ઉદ્યોગ, હીરા ઉદ્યોગ, ખેતી કામ તથા અન્ય ઉદ્યોગો, વેપાર-ધંધા સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો અને મેનેજમેન્ટ કે જેઓના યુનીટમાં કર્મચારીઓ, કારીગરો, મજુરો કે ભાગીયા હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કે ભાગીયા, કર્મચારીઓ/કારીગરો/મજુરોની હકીકત તૈયાર કરી પત્રક-એ માં સબંધિત પોલીસ સ્ટેશનને આ જાહેરનામાની તારીખથી દિન-૧૫માં આપવાની રહેશે.

(૨) અન્ય રાજ્યો/દેશમાંથી આવેલ વ્યક્તિને મકાન ભાડા પેટે આપવામાં આવે ત્યારે મકાન ભાડે અપાવનાર દલાલ અને મકાન માલિકે મકાન ભાડે આપ્યા અંગેની માહિતી સંબંધીત પોલીસ સ્ટેશનમાં પત્રક-બી મુજબ દિન-૧૫માં આપવાની રહેશે.

**પત્રક–એ**

| અ. નં. | પેઢીના માલીક/ ખેડુતનું નામ તથા સરનામું તથા ધંધાની વિગત, માલિકના મોબાઇલ નંબર તથા ધંધાના સ્થળના ટેલીફોન નં. | કામે રાખેલ કર્મચારી/ કારીગર/ મજુર/ ભાગીયાનું પુરૂં નામ, ઓળખ ચિન્હ, હાલનું સરનામું તથા મોબાઇલ નં. | કર્મચારી/ કારીગર/ મજુર/ ભાગીયાના મૂળ વતનનું પુરૂં સરનામું તથા વતનના ટેલીફોન નં. | કર્મચારી/ કારીગર/ મજુર/ ભાગીયાને નોકરીએ રાખ્યાની તારીખ | કર્મચારી/ કારીગર/મજુર/ ભાગીયા અગાઉ જે સ્થળે કામ કરતા હોય તે માલીકનું પુરૂં નામ, સરનામું તથા મોબાઇલ નં./ટેલીફોન નં. | કર્મચારી/કારીગર/ મજુર/ ભાગીયાને કોના રેફરન્સ/ પરીચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂં નામ, સરનામું ટેલીફોન નં./ મોબાઇલ નં. | કર્મચારી/કારીગર/ મજુર/ ભાગીયાના બે થી ત્રણ સગા સબંધિઓના પુરા નામ તથા સરનામા (તેમના વતન સહિતના તથા ટેલીફોન નં./ મોબાઇલ નં. | કર્મચારી/ કારીગર/ મજુર/ ભાગીયાનો ફોટો | હથીયાર ધરાવતા હોય તો તેની વિગત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

**પત્રક–બી**

| ક્રમ | મકાન માલિકનું નામ તથા રહેઠાણનું સરનામુ | જે મકાન ભાડે આપેલ હોય તે મકાનનું નામ તથા સરનામું | મકાન ભાડે આપ્યાની તારીખ | મકાન ભાડે રાખનાર પરપ્રાંતીય વ્યક્તિના નામ, સરનામા, ઓળખકાર્ડ / ચૂંટણીકાર્ડ/ ડ્રાઈવીંગ લાયસન્સનો પુરાવો | મકાન ભાડે રાખનાર મુળ ક્યાંના રહેવાસી છે તે વતનના પુરા સરનામા તથા વતનની બે વ્યક્તિના નામ, સરનામા તથા ફોન નંબર | મકાન માલિક અને ભાડુઆત તરીકે સંપર્ક કરાવનાર એજન્ટ / દલાલનું નામ, સરનામું / ફોન નંબર |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | | | | |
| | | | | | | |

ઉપરોક્ત મુદ્દા નં. ૧ અને ૨ મુજબના બાયોડેટાની સીડી/માહિતિનું રજીસ્ટર તૈયાર કરી માહિતિ/સીડી સબંધિત પોલીસ સ્ટેશનમાં રજૂ કરી પહોંચ મેળવી પોતાની પાસે રાખવી.

**શિક્ષા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે રાજકોટ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી એ.એસ.આઈ. સુધીનો હોદો ધરાવનાર પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

**મુદત :**

આ જાહેરનામું તા. ૦૧-૦૯-૨૦૨૬ થી તા. ૩૧-૧૦-૨૦૨૬ સુધીના સમયગાળા માટે અમલમાં રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટના નોટિસ બોર્ડ પર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે.

આજ તા. ૨૯, માહે ઓગષ્ટ, સને-૨૦૨૬ ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૯ માહે ઓગષ્ટ, સને ૨૦૨૬.

**જે. એચ. બારોટ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
રાજકોટ જિલ્લા

Government Press & Stationery, Rajkot.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.09.22 16:07:52 IST